# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-10-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)

સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું ભારતે દુનિયાને બતાવ્યું કે ટેકનોલોજી સુવિધાની સાથે સમાનતાનું પણ સાધન છે.
2) બિહારમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે જાહેરનામું બહાર પડશે.
3) કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું સરકાર ઉત્પાદન, ઉત્પાદકતા અને વાવેતર વિસ્તાર વધારવા માટે કઠોળ સ્વ નિર્ભરતા મિશન શરૂ કરશે-
4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શાંતિ પહેલની સફળતા બદલ ઇઝરાયલના પ્રધાનમંત્રી નેતન્યાહૂ અને અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યા
5) બેડમિન્ટનમાં, ભારત વર્લ્ડ જુનિયર મિક્સ્ડ ટીમ ચેમ્પિયનશિપની સેમીફાઈનલમાં પ્રવેશ્યુ.

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM – GLOBAL FINTECH FEST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું ભારતે દુનિયાને બતાવ્યું કે ટેકનોલોજી સુવિધાની સાથે સમાનતાનું પણ સાધન છે. મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટ 2025 માં બોલતા, શ્રી મોદીએ કહ્યું કે...

(BYTE -- PM--DIGITAL-DEMOCRATIZATION)

તેમણે કહ્યું કે ડિજિટલ ચુકવણી હવે દરેક નાગરિકના રોજિંદા જીવનનો એક ભાગ છે. શ્રી મોદીએ કહ્યું કે વૈશ્વિક ડિજિટલ વ્યવહારોમાંથી અડધા ભારતમાં થાય છે

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતની UPI, આધાર-સક્ષમ ચુકવણી પ્રણાલી, ભારત બિલ ચુકવણી પ્રણાલી, ભારત QR, DigiLocker, Digi Yatra અને GeM દેશના ડિજિટલ અર્થતંત્રનો પાયો બની ગયા છે.

દેશના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ મિશન અંગે, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ લોકો માટે અનુકૂળ હોવું જોઈએ.

(BYTE -- PM--AI)

બ્રિટિશ પ્રધાનમંત્રી સ્ટાર્મરે કહ્યું કે યુકે અને ભારત ફિનટેકમાં અગ્રણી છે. તેમણે કહ્યું કે ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર બંને દેશોમાં જીવનધોરણ વધારશે અને જીડીપીને વેગ આપશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# BIHAR ELECTION

બિહારમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે જાહેરનામું બહાર પડશે. આ સાથે, પ્રથમ તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાનું શરૂ થશે. 243 સભ્યોની બિહાર વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કા માટે 6 નવેમ્બરના રોજ 121 બેઠકો પર મતદાન થશે. ઉમેદવારો આ મહિનાની ૧૭મી તારીખ સુધી તેમના ઉમેદવારીપત્રો દાખલ કરી શકશે. ઉમેદવારી પત્રોની ચકાસણી બીજા દિવસે થશે, અને ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 20 ઓક્ટોબર છે.

બીજા તબક્કામાં 11 નવેમ્બરના રોજ 122 વિધાનસભા બેઠકો પર મતદાન થશે. જ્યારે મતગણતરી ૧૪ નવેમ્બરે થશે. દરમિયાન બિહાર વિધાનસભા ચૂંટણીઓ સુચારુ રીતે યોજાય તે માટે લગભગ 8 લાખ 50,000 અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. પ્રસ્તુત છે એક અહેવાલ..

(બાઈટ – ધર્મેન્દ્ર)

. . . . . . . . . . . . . . . . . . .

# PREZ GUJARAT VISIT

ગુજરાતના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરશે. ત્યારબાદ તેઓ ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની પણ મુલાકાત લેશે અને સાસણગીરમાં સ્થાનિક આદિવાસી સમુદાયના લોકો સાથે સંવાદ કરશે.

સુશ્રી મુર્મૂ આવતીકાલે દેવભૂમિદ્વારકાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરમાં દર્શન અને આરતી કરશે. ત્યારબાદ તેઓ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના 71મા પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે. સુશ્રી મુર્મુ ગઇકાલે સાંજે રાજકોટ પહોંચ્યા હતા.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . .

# AGRI-MINISTER--PULSES-MISSION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીના પુસા કેમ્પસથી પ્રધાનમંત્રી ધન ધન્ય યોજના અને કઠોળ સ્વ-નિર્ભરતા મિશનનો પ્રારંભ કરશે.

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું આ મિશન દેશને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલી પહેલ છે. દૂરદર્શન ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં, કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે આ યોજના હેઠળ, સરકાર ૧૦૦ ઓછી ઉત્પાદકતા ધરાવતા જિલ્લાઓને ઓળખશે અને ઉત્પાદકતા વધારવા માટે લક્ષિત પગલાં અમલમાં મૂકશે.

કૃષિ મંત્રીએ વધુમાં જણાવ્યુ કે .............

(BYTES - SHIVRAJ---DALHAN)

. . . . . . . . . . . . . .

# INDIA-UK FTA

વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું કે ભારત અને યુકે વચ્ચેનો ઐતિહાસિક મુક્ત વેપાર કરાર વિકસિત ભારતના વિઝનને વધુ મજબૂત બનાવશે.

મુંબઈમાં એક પત્રકાર પરિષદમાં શ્રી સ્ટાર્મરની ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત વિશે બોલતા શ્રી મિસ્રીએ કહ્યું પ્રધાનમંત્રી  મોદી અને પ્રધાનમંત્રી  સ્ટાર્મરે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી છે. શ્રી મિશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી બેઠક માટે ભારતને યુકે તરફથી સમર્થન મળ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## REV.PM TALKS-TRUMP NETANYAHU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક ગાઝા શાંતિ પહેલની સફળતા બદલ ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યા છે. ગઈકાલે રાત્રે શ્રી નેતન્યાહૂ સાથે ફોન પર વાતચીતમાં પ્રધાનમંત્રી મોદીએ આ પહેલ હેઠળ થયેલી પ્રગતિની પ્રશંસા કરી. શ્રી મોદીએ ખાસ કરીને બંધકોને મુક્ત કરવા અને ગાઝાના લોકોને માનવતાવાદી સહાય પૂરી પાડવાના કરારનું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી નેતન્યાહૂ સાથેની તેમની વાતચીતની વિગતો શેર કરતા, પ્રધાનમંત્રી મોદીએ આતંકવાદ સામે ભારતના મક્કમ વલણને ફરીથી સમર્થન આપ્યું

બીજી પોસ્ટમાં, પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની તેમની ફોન પર વાતચીતની વિગતો શેર કરી. પ્રધાનમંત્રીએ ઐતિહાસિક ગાઝા શાંતિ પહેલની સફળતા બદલ શ્રી ટ્રમ્પને અભિનંદન આપ્યા. બંને નેતાઓએ ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વેપાર વાટાઘાટોમાં સકારાત્મક પ્રગતિની પણ સમીક્ષા કરી.

શ્રી મોદીએ ગાઝામાં દુશ્મનાવટનો અંત લાવવા માટે ટ્રમ્પ અને નેતન્યાહૂના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે આશા વ્યક્ત કરી કે બંધકોની મુક્તિ અને ગાઝાના લોકોને માનવતાવાદી સહાયમાં વધારો કાયમી શાંતિનો માર્ગ મોકળો કરશે.

અમેરિકાએ ગાઝા શાંતિ યોજનાના પ્રથમ તબક્કા પર ઇઝરાયલ અને હમાસ વચ્ચે કરારની જાહેરાત કરી. શાંતિ યોજના હેઠળ, હમાસ ગાઝા પટ્ટીમાં રાખવામાં આવેલા તમામ બંધકોને મુક્ત કરશે અને પ્રદેશનું બિનલશ્કરીકરણ કરશે.

ગઈકાલે મુંબઈમાં પ્રધાનમંત્રી મોદી અને બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટાર્મર વચ્ચે થયેલી વાતચીત દરમિયાન પણ ગાઝાની પરિસ્થિતિ પર ચર્ચા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . .

# BADMINTON JUNIOR MIXED CHAMPIONSHIP

બેડમિન્ટનમાં, ભારતે વર્લ્ડ જુનિયર મિક્સ્ડ ટીમ ચેમ્પિયનશિપની ક્વાર્ટર ફાઇનલમાં કોરિયાને હરાવી સેમીફાયનલના પ્રવેશ કર્યો છે . આ ઐતિહાસિક જીત સાથે, ભારતે સ્પર્ધાના ઇતિહાસમાં પોતાનો પહેલો મિક્સ્ડ ટીમ મેડલ મેળવ્યો છે.

ભારત આજે બપોરે ગુવાહાટીમાં સેમિફાઇનલમાં ઇન્ડોનેશિયા સામે ટકરાશે. આ મેચ બપોરે 1 વાગ્યાથી રમાશે. બીજી સેમિફાઇનલ મેચ ચીન અને જાપાન વચ્ચે સાંજે 4 વાગ્યાથી રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- દિવ્ય ભાસ્કરે ભારત અને બ્રિટન વચ્ચે ૪૨૦૦ કરોડની મિસાઇલ ડીલને મંજૂરીના સમાચાર અને તમિળનાડુ-જીવલેણ કફ સિરપ બનાવનાર કંપનીના માલિકની અંતે ધરપકડ, ચેન્નાઈમાં છુપાયોના સમાચારને પ્રથમ પાને છાપ્યા છે

- સંદેશ દૈનિક અને નવ ગુજરાત સમયે ભારત બ્રિટેન ભાગદારી વૈશ્વિક સ્થિરતા માટે મહત્વપૂર્ણ છે - પ્રધાનમંત્રી મોદીના નિવેદનને પ્રથમ પાન પર હેડલાઇન બનાવી છે અને પીએમ મોદીએ ગાઝામાં  શાંતિ માટે ટ્રમ્પને અભિનંદન આપ્યાની ખબર ને બોક્સમાં સ્થાન આપ્યું છે

- નવ ગુજરાત સમયે ઈઝરાયેલ-હમાસ વચ્ચે શાંતિ કરાર -બે વર્ષના યુદ્ધનો અંત ને મુખ્ય શીર્ષક બનાવ્યું છે. અને આંતકી સંગઠન જૈશે-એ-મોહમ્મદ મહિલા બ્રિગેડ બનાવી રહ્યું હોવાની ખબરને પ્રથમ પેજ પર બોક્સમાં છાપ્યું છે

- ગુજરાત સમાચારે અમેરિકા જતાં વિદેશી વિધાર્થીઓમાં  ૮ લાખના ઘટાડોને હેડલાઇન બનાવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .